અપીલ અરજી નં.૧૬૧ તા.૨૮–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પ્રમોદચંદ્ર મણિલાલ સંઘવી

સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રમોદચંદ્ર મણિલાલ સંઘવીની તા.૧૮–૭–૦૯ ની અરજીથી ડો.મીનાબેન **C/O** સૌરભ હોસ્પીટલ ૩–૪ માળ, વિરભદ્ર રેસીડન્સી, **'C'** બિલ્ડીંગ, પેટ્રોલ પંપ પાસે, કોલેજ સામે, ઈચ્છાનાથ રોડ, સુરતની હોસ્પીટલમાં તા.૧૬–૧૨–૦૭ ૧૭–૧૨–૦૭, ૧૮–૧૨–૦૭,૪–૨–૦૯, ૫–૨–૦૯, ૬–૨–૦૯ ના રોજ જન્મેલ બાળકોની આપની કચેરીને સદરહુ હોસ્પીટલે મોકલેલ યાદી જેમાં જન્મેલ બાળકની જાતિ, માતાનું નામ, પિતાનું નામ, સરનામું,જન્મનો સમય સાથેની સંપુર્ણ માહિતી. જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધાયેલ જન્મેલ બાળકોની યાદી વિ. આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૮–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૬૧/૨૦૦૯–૧૦

શ્રી પ્રમોદચંદ્ર મણિલાલ સંઘવીની તા.૧૮–૭–૦૯ ની અરજીથી ડો.મીનાબેન **C/O** સૌરભ હોસ્પીટલ ૩–૪ માળ , વિરભદ્ર રેસીડન્સી, **'C'** બિલ્ડીંગ, પેટ્રોલપંપ પાસે, કોલેજ સામે, ઈચ્છાનાથ રોડ, સુરતની હોસ્પીટલમાં તા.૧૬–૧૨–૦૭, ૧૭–૧૨–૦૭, ૧૮–૧૨–૦૭,૪–૨–૦૯, ૫–૨–૦૯, ૬–૨–૦૯ ના રોજ જન્મેલ બાળકોની આપની કચેરીને સદરહુ હોસ્પીટલે મોકલેલ યાદી જેમાં જન્મેલ બાળકની જાતિ,માતાનું નામ, પિતાનું નામ, સરનામું,જન્મનો સમય સાથેની સંપુર્ણ માહિતી. જન્મ નોંધણી રજીસ્ટરમાં નોંધાયેલ જન્મેલ બાળકોની યાદી તથા તા.૧૭–૧૨–૦૭, તથા તા.૫–૨–૦૯ ના રોજ દક્ષાબેન શાહ તે રૂપેશભાઈ હરિભાઈ શાહની કહેવાતી પત્ની સિધ્ધગીરી એપાર્ટ. ધવલગીરીની બાજુમાં, સુરત ઉકત તારીખોએ બેબીને જન્મ આપેલ છે તેના પ્રમાણપત્રની નકલ, આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૩૬૪ તા.૧૩–૮–૦૯ થી આપેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૮–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૦૪ તા.૫/૭–૯–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) અને અરજદારને મુદ્દા નં.૧ બાળકોના જન્મની યાદી અંગે વાજબીપણું અને આધાર પુરાવા રજૂ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે ઈલેકશન કાર્ડની નકલ થતા સ્વાતિબેનના આઈકાર્ડની નકલ, તથા ડીસાની કોર્ટમાં ચાલતાં મુકદ્દમા નં.૨૩૭/૨૦૦૪ ની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે./આરટીઆઈ/૪૮૭ તા.૨૪–૯–૦૯ થી પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી અરજદારે ઉપરોકત જણાવ્યા અનુસારની માહિતી માંગવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૩૬૪ તો૧૩–૮–૦૯ થી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) ની જોગવાઈને ધ્યાને લેતાં ત્રાહિત વ્યકિતને જન્મ નિયમ નોંધણી અધિનિયમ અન્વયે જન્મ નોંધણીના તમામ પેપર્સ આપી શકાય નહીં તેવી માહિતી અરજદારને પૂરી પાડેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૮–૮–૦૯ ના રોજ એપેલેટ અધિકારીને જાહેર માહિતી અધિકારીના જવાબથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં સ્વાતિબેનનું લગ્ન રૂપેશભાઈ હરીલાલ સંઘવી સાથે કરવામાં આવેલ છે અને તેમની માહિતી સ્વાતિબેનના પિતાએ માંગણી કરેલ છે. તેઓએ અપીલમાં તમામ પેપર્સ નહીં પરંતુ માંગેલ પેપર્સની માહિતીની માંગણી કરેલ છે. તેમજ કલમ–૧૧ મુજબની પ્રોસીજર કરેલ નથી તેમજ કોન્ફીડેન્સીયલ નથી તેમજ તેમાં કાયદાનો ભંગ કરી ગરેકાયદસર બીજા લગ્ન ધ્વારા બાળકોનો જન્મ થયેલ છે તેથી તેવી માહિતી આપવી કાનૂની રીતે પણ ફરજ બને છે તેથી તેના હેઠળ ઈન્કાર કરવાની ભૂલ કરેલ છે. તેવી રજૂઆત અરજદારે અપીલ અરજીમાં કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં કલમ–૧૧ હેઠળ નો ઈન્કાર જણાવેલ છે. પરંતુ તે મુજબ પ્રોસીજર કરેલ નથી અને ખાનગી માહિતી હોય તેવા વ્યકિતનો કોઈ વાંધો પણ જણાવેલ નથી આથી જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણયના ઈન્કાર કાયદેસર ઠરે નહીં. તેમજ જન્મ નોંધણી અધિનિયમ અન્વયે જન્મ નોંધણીના તમામ પેપર્સ આપી શકાય નહી તેવું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ પરંતુ અરજદારે તમામ પેપર્સ નહીં પરંતુ અરજીમાં માંગેલી સદર હોસ્પિટલની નિર્દિષ્ટ તારીખે દક્ષાબેન શાહ તે રૂપેશભાઈ હરીભાઈ શાહની કહેવાતી પત્નીની બે બેબીના જન્મની માહિતીની રજૂઆત કરેલ છે. જે સબંધે તા.૩૦–૯–૦૯ ના રોજ સુનાવણી બપોરે ૪.૧૫ કલાકે રાખવામાં આવેલ. જેમાં અરજદારે હાજર રહીને રૂપેશભાઈ શાહ સાથે મારી દીકરીના લગ્ન થયેલા અને તે બાબતે રૂપેશભાઈ શાહ સાથે ડીસાના મે. જયુ. ફ. ક. મેજી. સાહેબની કોર્ટમાં મુકદ્દમાં નં.૨૩૭/૦૪ માં ભરણ પોષણનો કેસ ચાલે છે તેથી અમારા હક માટે અમારે નકલની જરૂરીયાત છે તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ડો. આશીષ નાયક સબ રજીસ્ટાર ( અઠવાઝોન) હાજર રહેલ અને તેમને ત્રાહિત વ્યકિત તરીકે માહિતી આપી શકાય નહીં તેમજ સૌરભ હોસ્પિટલમાં કે રૂપેશભાઈને તે અંગે કલમ–૧૧ હેઠળ ની પ્રક્રિયા કરેલ નથી. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ અંગે તા.૧૭–૧૨–૦૭ તથા તા.૫–૨–૦૯ ના રોજ રૂપેશભાઈ હરીશભાઈ શાહના બાળકના જન્મની નોંધ કચેરીએ થયેલ જણાતી નથી. તેથી તે પ્રમાણપત્રની નકલ પણ આપી શકાય તેમ નથી તેવો તા.૨૪–૯–૦૯ ના પત્રથી પૂર્તતા રીપોર્ટ રજૂ કરેલ છે. પરંતુ અરજદારને તે અંગે સૂચિત કરેલ નથી.

**_હુકમ_**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકીના મુદ્દા નં.૧ અને ૨ માં અરજીમાં નિર્દિષ્ટ તારીખોએ જેમાં પિતાનું નામ રૂપેશકુમાર શાહ અથવા માતાનું નામ દક્ષાબેન હોય તેવી જન્મની નોંધણી બાબતેની કચેરી દફતરે ઉપલબ્ધ વિગતોની માહિતી તથા મુદ્દા નં.૩ અંગે હકીકતલક્ષી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

**_પ્રતિ_**

(૧)ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રમોદચંદ્ર મણિલાલ સંઘવી,